Research Guru Volume-11 Issue-1 (June-2017) (ISSN:2349-266X)

PP-94 To 98

# હિંદ છોડો ચળવળમાં વીર વિનોદ કિનારીવાલાનું પ્રદાન


## વિનોદકુમાર બી. મુંજપરા

**(M.A., GSLET, Ph.D. Student BAOU, Ahmedabad)**


વિનોદ કિનારીવાલાનો જન્મ ૨૦ સપ્ટેમ્બર, ૧૯૨૪ ના રોજ થયો હતો. તેના પિતા જમનાદાસ અને માતાનું નામ હિરાલક્ષ્મીબહેન હતું.[૧] વિનોદના જીવન ઘડતરમાં રવિશંકર મહારાજ, ચંદ્રશેખર આઝાદ, રણછોડલાલ શોધન, ગાંધીજી અને તેના મિત્ર દિનુભાઈ પટેલ પ્રેરણાજનક હતા. વિનોદ કિનારીવાલા ગુજરાત કૉલેજમાં સાયન્સનો વિદ્યાર્થી હતો.[૨]

૬ ઓગષ્ટ, ૧૯૪૨ ના દિવસે અમદાવાદમાં પ્રેમાભાઈ હોલમાં વિદ્યાર્થીઓની એક જંગી જાહેરસભા મળી હતી. તે સભાની અગાઉ રાષ્ટ્રવાદી અને સામ્યવાદી જૂથો અલગ પડી ગયા હતા. અને પોતપોતાનું બળ દેખાડવા કમર કસીને આવ્યા હતા. પોલીસ પણ તે સભામાં હાજર હતી. શરૂઆતમાં રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળના એક અગ્રણી કાર્યકર બાલકૃષ્ણ શુક્લે પ્રમુખ સ્થાન સંભાળીને એક જુસ્સાદાર પ્રવચન કરતા આગામી સ્વતંત્રતાની લડતમાં સંપૂર્ણ સાથ આપવા વિદ્યાર્થીઓને હાંકલ કરી હતી. ત્યારબાદ જશવંત ઠાકરે અમૃત બારોટના અનુમોદનથી લોકયુધ્ધ તરફી ઠરાવ રજૂ કર્યો તેના પર દ્વિજેન્દ્ર ત્રિવેદીએ સુધારો મુક્યો. તેના પર લાંબી ચર્ચા બાદ વિદ્યાર્થીઓની જંગી બહુમતીએ મૂળ ઠરાવ ઉઠાવી દીધો અને સુધારો પસાર કર્યો જેના શબ્દો નીચે પ્રમાણે હતા.

"...અમદાવાદના વિદ્યાર્થીઓની આ સભા રાષ્ટ્રીય મહાસભા તરફથી બ્રિટિશ સત્તાનો સંપૂર્ણ અંત આણવાની માંગણીને ટેકો આપે છે. અને આઝાદીની આગામી લડતમાં વિદ્યાર્થી જનતાને સામેલ થવાની હાંકલ કરે છે."[૩]

૧૯૪૨ની ૮મી ઓગષ્ટે મધરાતે મુંબઇમાં મળેલી કોંગ્રેસની મહાસમિતિએ અંગ્રેજોને ભારત છોડી દેવાનો આદેશ આપ્યો અને જો તેઓ હિંદ ન છોડે તો પ્રચંડ અહિંસા દેશ વ્યાપી દેશ વ્યાપી

આંદોલન જગાવવાનો ઠરાવ થયો. ઓગસ્ટની નવમી તારીખે સરકારે ગાંધીજી, સરદાર વગેરે અગ્રગણ્ય નેતાઓને પકડી લીધા. અમદાવાદ, સુરત, ભરૂચ, નડિયાદ, ભાવનગર, વઢવાણ, રાજકોટ, વડોદરા વગેરે શહેરોમાંથી જૂના નેતાઓને પકડી આંદોલનને ઉગતું જ દાબી દેવા સરકારે પ્રયત્નો કર્યા પણ પ્રજાના સ્વયંભુ પ્રચંડ પ્રતિકાર ને લીધે સરકારના પગલા નિષ્ફળ ગયા. આ આંદોલન શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બ્રિટિશ જિલ્લાઓ અને દેશી રાજ્યોમાં સર્વત્ર ફેલાયેલુ હતું. લડતનો દોર યુવકો અને વિદ્યાર્થીઓએ હાથમાં લીધો હતો. અમદાવાદમાં શાળા કૉલેજની છ થી આઠ મહિનાની હડતાલ પડી. ઓગષ્ટની આઠમી તારીખએ ગુજરાત કૉલેજનાં છાત્રાલયમાં એકઠા થયેલા વિદ્યાર્થીઓને રવિશંકર મહારાજે લડતમાં ભાગ લેવા હાંકલ કરી.[૪]

૧૦ મી ઓગષ્ટ, ૧૯૪૨ ના રોજ લો કૉલેજની સામેના મેદાનમાં સવારે દસ વાગ્યે લોકો ભેગા થઇ કોંગ્રેસ ભવન સુધી સરઘસ કાઢવાનું નક્કી થયું હતું. સવારે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભેગા થયા. તેથી વ્યવસ્થાપકોએ નિયત સમય પહેલા સવારે આઠ વાગ્યે સરઘસ શરૂ કર્યું. તેમાં લગભગ ૨૦૦૦ વિદ્યાર્થીઓ અને ૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ જોડાઇ હતી. વિદ્યાર્થીનીઓ આગળની હરોળમાં ચાલતી હતી. બધા ચાર-ચારની લાઇનમાં ગોઠવાઇ ગયા હતા. આ સરઘસ લો-કૉલેજથી નીકળી ખ્રિસ્તી ચર્ચ પાસે થઇ ગુજરાત કૉલેજ આવી પહોંચ્યું હતું. સરઘસમાં જોડાયેલા કાર્યકરો અને વિદ્યાર્થીઓ પાસે પણ ધ્વજ છે. સૂત્રો પોકારતા હતા. 'Quit India', 'શાહીવાદ હો બરબાદ', 'ઇન્કલાબ ઝિંદાબાદ', 'કરેંગે યા મરેંગે' એવા સૂત્રોચ્ચાર થતા હતા.[૫]

સૂત્રોચ્ચાર સાથે સરઘસ આગળ વધે છે. કેટલાક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ ગુજરાત કૉલેજમાં દાખલ થાય છે. એ વિદ્યાર્થીઓમાં મોખરે હતો ઝંડાધારી વિનોદ કિનારીવાલા ગુજરાત કૉલેજનો તે એક તેજસ્વી વિદ્યાર્થી હતો. વિનોદના હાથમાં રાષ્ટ્રધ્વજ છે તે પોલીસ ઝુટવવાનો પ્રયાસ કરે છે. 'શાહીવાદ હો બરબાદ' કરતો વિનોદ કૉલેજના મેદાનમાં ધૂસતો હતો. અસહ્ય માર ઝીલતો હતો.[૬]

ગુજરાત કૉલેજના મેદાનમાં પ્રવેશતા પોલીસો ઉપર પથ્થરમારો થયો. પ્રિન્સિપલ પટવર્ધન તથા ધીરૂભાઈ વચ્ચે પડ્યા અને ધીરૂભાઈને લાઠીનો ફટકો પડ્યો.[૭] વિનોદ કિનારીવાલા ધ્વજ સાથે આગળ હતો. તેણે છાતી ખુલ્લી કરી પોલીસને લલકાર્યા અને કહ્યું : 'તારે ગોળીઓ ચલાવવી છે ને ? તો ચલાવ મારી આ છાતી પર'. પોલીસે ગોળી છોડતા તે ગોળી વીર વિનોદના દેહને વિંધી આરપાર તે ગોળી નિકળી ગઇ. એને સુવડાવવામાં આવ્યો. ખુબ ઘવાયેલો વિનોદ હજુ થોડો ભાનમાં હતો. તેણે કહ્યું : 'મને પથારીની કોઇ જરૂર નથી, મને ચોકમાં સુવડાવો.' તરત જ તેનો ચોકમાં સુવડાવવામાં આવ્યો. યુવાનોએ તેની પાસે બેસી ગીત ગાવા માંડ્યું 'રંગ જાય ના જુવાન રંગ જાય ના ! જો જે જુવાન રંગ જાય ના.'

થોડી જ વારમાં ત્યાં દાક્તરો આવી ગયા પણ દાક્તરોની સારવાર કારગત નીવડે તેમ ન હતી. આથી એ ગીતના શબ્દો મનમાં ઘૂંટતા ઘૂંટતા જ થોડા સમયબાદ માતૃભુમિ માટે શહીદ થઇ ગયો. ગુજરાત કૉલેજના પટાંગણની ધારે હજુ આજે પણ વિનોદ કિનારીવાલાની સમાધિ તેની સ્મૃતી તાજી કરાવે છે.[૮]

૧૯૪૨ ની 'હિંદ છોડો લડત' માં ગુજરાત કૉલેજનો વિદ્યાર્થી વિનોદ કિનારીવાલા ૧૦ ઓગષ્ટ, ૧૯૪૨ ના રોજ શહીદ થયો હતો. તેની યાદમાં ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા કૉલેજના પટાંગણમાં સિડનહામ લાઇબ્રેરીની બાજુમાં એક ખાંભી રચવાનું નક્કી કર્યું હતું.

દર મહિનાની દસમી તારીખે વિનોદ કિનારીવાલાના ફોટાની પાલખી સહિતનું સરઘસ તેની માતૃભુમિ પર પુષ્પ ચડાવવા જતુ તે સમયે પોલીસ સરઘસને રોકી અશ્રુવાયુ છોડતી અને સરઘસને વિખેરી નાખી ગુજરાત કૉલેજના ઇતિહાસમાં પ્રથમવાર તા.૧૦-૮-૧૯૪૩ ના રોજ એક ખાનગી સભા ભરીને શહીદ વિનોદ કિનારીવાલાને ભવ્ય સ્મરણાંજલિ અર્પી હતી. તેમાં આચાર્ય, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ હાજર રહી શોક દર્શક ઠરાવ પસાર કર્યો હતો. વિનોદની અમર

શહાદતનું સ્મારક રચવા 'કિનારીવાલા સ્મારક સમિતિ' એ ફાળો ઉઘરાવી ગુજરાત કૉલેજમાં તેમની માતૃભુમિ પર એક સુંદર આરસની ખાંભી બનાવી છે. તેના ત્રણ સૂચક પ્રતિક છે.

(૧) એકમત આખલા સામે આત્મશ્રધ્ધા અને તમન્નાથી ભરપુર બળવાળો એક યુવાન ઝઝુમે છે એ સૂચવે છે કે પાશવી બળ સામે મનુષ્યનું આત્મકાળ યુધ્ધ કરી અંતે વિજય મેળવે છે.

(૨) બીજા પ્રતિકમાં યુવાનના હાથમાં રાષ્ટ્રધ્વજ છે જે દેશની જનતાને જાગૃત કરવાનું સૂચવે છે.

(૩) ત્રીજુ ધ્રુવતારકનું પ્રતિક તે યુવાન ધ્રુવના તારાની જેમ અચળ અને અમર છે એમ સૂચવે છે.[૯]

વીર વિનોદ કિનારીવાલાની સ્મૃતિમાં તા.૧૦-૮-૧૯૪૨ ના રોજ બનેલ ઘટના સ્થળે ખાંભી ઉભી કરવામાં આવેલ છે. જયપ્રકાશ નારાયણે ૧૦ ઓગષ્ટ, ૧૯૪૮ ના રોજ આ ખાંભીનું અનાવરણ કર્યું હતું. દર વર્ષે ૯ ઓગષ્ટના રોજ રાજ્ય સરકાર તરફથી અને ૧૦ ઓગષ્ટના રોજ ગુજરાત કૉલેજના પરિવાર તરફથી શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ યોજાય છે. ખાંભી ઉપર ખુંટને વશ કરી રહેલા યુવાનનું શિલ્પ છે અને તેની નીચે લખાણ છે. "यारो न भुल जाना दिन खुन के हमारे ।"[૧૦]

સરદાર વલ્લભભાઈ પટેલે પણ કહ્યું છે કે "તમારો આદર્શ તો વિનોદ જે શહીદ થયો છે એણે જે બહાદુરી અને હિંમત બતાવી દેશદાજનો નમૂનો રાખ્યો છે તેને તમારે સંગ્રહી રાખવાનો છે. તેમાંથી જીવનના પાઠ લેવાના છે."

**પાદનોંધઃ-**

(૧) સાંગાણકર બિપીન, શહીદવીર વિનોદ કિનારીવાલા, અમદાવાદ, ૧૯૬૦, પૃ-૫૯.

(૨) એજન, પૃ-૫૨.

(૩) શુક્લ જયકુમાર, ગુજરાતમાં સ્વાતંત્ર્યની ચળવળ, અમદાવાદ, ૧૯૯૩, પૃ-૯૩.

(૪) રાજગોર શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, અમદાવાદ, ૧૯૯૮, પૃ-૨૩૮-૩૯.

(૫) સાંગાણકર બિપીન, (૧૯૬૦) ઉપરોક્ત પૃ-૨.

(૬) એજન, પૃ-૪-૫.

(૭) શાસ્ત્રી હરિપ્રસાદ અને પરિખ પ્રવિણચંદ્ર(સંપાદકો), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ-૯, આઝાદી પહેલા અને પછી (૧૯૧૫-૧૯૬૦), અમદાવાદ, ૧૯૮૭, પૃ-૭૩.

(૮) શાહ મુકેશ, સાધના સાપ્તાહિક, સ્વાતંત્ર્યદિન વિશેષાંક ૧૫ મી ઓગષ્ટ, ૨૦૧૫, પૃ-૬૫.

(૯) ચૌધરી હરેશભાઈ, ગુજરાત કૉલેજ ઇતિહાસ વિભાગના પ્રોફેસરની તા.૧૫-૧૦-૨૦૧૫ ની રૂબરૂ મુલાકાત અને સ્થળ તપાસના આધારે.

(૧૦) ઠાકર ધીરૂભાઈ, ગુજરાતી વિશ્વકોષ, ખંડ-૬, અમદાવાદ, ૧૯૯૪, પૃ-૪૭૪.